**સમય સંદેશ**

પ્રોપર્ટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૦૬-પાંચમો માળ, ઇન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણદ - ૦૨ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

સુખ તો સવાર જેવું હોય છે સાહેબ, માંગવાથી નહીં જાગવાથી મળે છે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૫૬ ● તારીખઃ ૧૪.૦૮.૨૦૨૬, શુક્રવાર ● પાનાંઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# ગુજરાતના ૮૬ તાલુકામાં વરસાદઃ ૧૮ ઓગષ્ટ સુધી વરસાદની આગાહી

## અમદાવાદમાં કાળા ડિબાંગ વાદળો સાથે અંધારપટઃ પાંચ જિલ્લામાં યલો એલર્ટઃ ઠેર-ઠેર મેઘાવી માહોલ




**સમય સંદેશ, અમદાવાદ**

રાજ્યના ૮૬ તાલુકાઓમાં વરસાદ પડયો છે. અને અમદાવાદમાં કાળા ડિબાંગ વાદળો છવાયા છે. બંગાળની ખાડીમાં વેધર સિસ્ટમ સર્જાતા મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત અનેક રાજ્યોમાં વરસાદની સંભાવના દર્શાવાઈ છે. સવારના ૬થી બપોરના ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૮૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ નવસારીના ખેરગામમાં ૨.૩૬ ઈંચ તો વલસાડમાં ૨.૧૭ ઈંચ વરસ્યો છે. ૬ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ પડ્યો. રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ કરતાં ૩% વધુ વરસાદ નોંધાયો છે, જેમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં હજુ પણ સામાન્ય કરતાં ૨૧% ઓછો વરસાદ નોંધાયો છે.

અમદાવાદ શહેરમાં સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. શહેરના ન્યુ રાણીપ, વાડજ, અખબારનગર, સુભાષબ્રિજ સહિતના વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. આકાશમાં કાળા ડિબાંગ વાદળોના કારણે વિઝિબિલિટી ઓછી થઈ ગઈ છે, જેના કારણે વાહનચાલકોને લાઈટ ચાલુ રાખીને વાહનો ચલાવવા પડી રહ્યા છે.

બીજી તરફ પાટણમાં ખુલ્લી ગટર વૃદ્ધ અને બચાવવા ગયેલો યુવક ખાબક્યા પાટણના સૌથી વ્યસ્ત એવા નવજીવન ચાર રસ્તાથી સિદ્ધપુર રોડ પર ભારે વરસાદને કારણે ઘૂંટણસમા પાણી ભરાતાં માર્ગો બેટમાં ફેરવાઈ ગયા હતા. આ દરમિયાન રસ્તા પર પાણી ભરાયેલું હોવાથી ખુલ્લી ગટર નજરે ન પડતાં એક વૃદ્ધ અચાનક ગટરમાં ખાબક્યા હતા. તેઓને બચાવવા માટે તાત્કાલિક આગળ આવેલો સ્થાનિક યુવક પણ ગટરમાં પટકાયો હતો. જોકે, આસપાસના લોકોએ સમયસૂચકતા વાપરી ભારે જહમત બાદ બંનેને સહીસલામત બહાર કાઢતાં મોટી હોનારત ટળી હતી, પરંતુ પાલિકાની ઘોર બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

હવામાન વિભાગ દ્વારા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, શીયર ઝોન, મોન્સૂન ટ્રફ અને લો પ્રેશરની સક્રિય સિસ્ટમ્સના કારણે રાજ્યમાં આગામી બે દિવસ ભારે વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી કરવામાં આવી છે. આજે દાહોદ-છોટાઉદેપુર સહિત પાંચ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની શકયતાને પગલે 'યલો એલર્ટ' જાહેર કરાયું છે. જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં વીજળીના કડાકા-ભડાકા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. દરિયાકાંઠે પવનની ગતિ વધતાં માછીમારોને દરિયો ન ખેડવા એલર્ટ ઉત્તર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં 'સ્ટીપ પ્રેશર ગ્રેડિયન્ટ' સર્જાવાને કારણે પવનની ગતિ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. દરિયામાં દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી ૧૫થી ૨૦ નોટ્સ (વધીને ૨૫ નોટ્સ સુધી) અને ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. પવનના જોરને કારણે દરિયો કરંટવાળો રહેવાની શક્યતા હોવાથી માછીમારોને સુરક્ષાના ભાગરૂપે દરિયામાં ન જવાની કડક સૂચના અને ચેતવણી આપી છે.

આ તરફ બંગાળની ખાડીમાં નવી વેધર સિસ્ટમ સક્રિય થતાં દેશના પૂર્વ, મધ્ય અને ઉત્તરીય ભાગોમાં મેઘમહેર યથાવત રહેશે. હવામાન વિભાગે ગુજરાત, મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોમાં ૧૩ ઓગસ્ટથી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ગુજરાતમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદની શકયતા છે, જ્યારે મહારાષ્ટ્રના વિદર્ભ, કોંકણ અને મધ્ય મહારાષ્ટ્રમાં વ્યાપક વરસાદનું એલર્ટ અપાયું છે.

બંગાળની ખાડી અને મધ્ય ભારત પર એકસાથે નવી વેધર સિસ્ટમ સક્રિય થવાના કારણે દેશના પૂર્વ, મધ્ય અને ઉત્તરીય ભાગોમાં મેઘમહેર યથાવત રહેવાની શકયતા છે. ભારતીય હવામાન વિભાગની લેટેસ્ટ અપડેટ મુજબ, બંગાળની ખાડીમાં સર્જાયેલી આ સિસ્ટમ વધુ મજબૂત બનીને નીચા દબાણના ક્ષેત્રમાં ફેરવાઈ શકે છે, જેના પગલે આગામી દિવસોમાં દેશના અનેક રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડો. શશીકાંતના જણાવ્યાનુસાર, પશ્ચિમ ભારતમાં પણ વરસાદી ગતિવિધિઓ વધુ તીવ્ર બનશે. ગુજરાતમાં મેઘગર્જના અને વીજળીના કડાકા-ભડાકા સાથે વિધિવત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય મહારાષ્ટ્રના વિદર્ભ, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં વ્યાપક તેમજ ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે.

બંગાળની ખાડીમાંથી આવતા ભેજ અને પશ્ચિમી વિક્ષેપ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) ની સંયુક્ત અસરને કારણે હિમાલયના પહાડી ક્ષેત્રોમાં ભારે વરસાદ નોંધાઈ રહ્યો છે. આ ઉપરાંત ઓડિશા, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદી ઝાપટાં પડે તેવી સંભાવના છે. આગામી સપ્તાહ દરમિયાન ઉત્તર-પૂર્વ ભારતના રાજ્યોમાં વરસાદનું જોર વધુ વધશે, જ્યારે દક્ષિણ ભારતમાં હાલ પૂરતી ભારે વરસાદની શક્યતા ઓછી જણાઈ રહી છે.

હવામાન વિભાગ અનુસાર, ૧૩ ઓગસ્ટના પશ્ચિમ ભારતમાં પણ વરસાદની ગતિવિધિઓ તીવ્ર બનવાની ધારણા છે. ૧૩થી ૧૮ ઓગસ્ટ દરમિયાન કોંકણ અને ગોવાના ઘણાં વિસ્તારોમાં વરસાદની આગાહી છે. ૧૩મી અને ૧૪મી ઓગસ્ટના મધ્ય મહારાષ્ટ્રમાં વ્યાપક વરસાદની આગાહી છે. કોંકણ અને ગોવામાં ૧૩મી થી ૧૫મી ઓગસ્ટ દરમિયાન ભારે વરસાદ પડી શકે છે, જ્યારે મધ્ય મહારાષ્ટ્રમાં ૧૩મી ઓગસ્ટ અને ફરીથી ૧૫ અને ૧૬મી ઓગસ્ટના ભારે વરસાદ પડવાની ધારણા છે.

૧૩મી ઓગસ્ટના ગુજરાત ક્ષેત્રમાં વાવાઝોડા અને વીજળી સાથે ભારે વરસાદ પડવાની ધારણા છે. વિદર્ભમાં ૧૩મી થી ૧૭મી ઓગસ્ટ દરમિયાન ભારે વરસાદ પડવાની ધારણા છે, જ્યારે ૧૩મીથી ૧૬મી ઓગસ્ટ દરમિયાન ભારે પવન અને વીજળી પડવાની શક્યતા છે.

# "હું તો હાફિઝ સઈદનો ગુલામ": પાકિસ્તાનનાં પૂર્વ ગૃહમંત્રીની નફફટાઈ

**સમય સંદેશ, ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના ભૂતપૂર્વ ગૃહમંત્રી અને તેમના સ્પષ્ટવકતા વાણીકતા માટે જાણીતા શેખ રશીદ અહેમદ ફરી એકવાર વિવાદમાં ફસાયા છે. આ વખતે, કોઈ રાજકીય નિવેદન માટે નહીં, પરંતુ આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા (ક્યઝ) ના ભયાનક આતંકવાદીઓ સાથે સ્ટેજ શેર કરવા અને ભારત વિરુદ્ધ ઝેર ઓકવા બદલ. તાજેતરના જાહેર કાર્યક્રમના એક વીડિયોમાં, રાશિદ ખુલ્લેઆમ આતંકવાદી હાફિઝ સઈદની પ્રશંસા કરતો અને પોતાને તેનો ગુલામ કહેતો જોવા મળે છે.

કાર્યક્રમના વીડિયોમાં સ્પષ્ટપણે શેખ રશીદ અહેમદ ખાલિદ મસૂદ સંધુ અને કારી મુહમ્મદ યાકુબ શેખ સાથે સ્ટેજ પર બેઠેલા દેખાય છે. સંધુને લશ્કરના વરિષ્ઠ કમાન્ડર અને પાકિસ્તાન સેન્ટ્રલ મુસ્લિમ લીગ (ઙખખક) ના પ્રમુખ તરીકે ઓળખવામાં આવ્યો છે, જ્યારે યાકુબ શેખ ભયાનક આતંકવાદી જૂથની કેન્દ્રીય સલાહકાર સમિતિના સભ્ય છે. આતંકવાદીઓના આ મેળાવડાને સંબોધતા, રાશિદે હાફિઝ સઈદ પ્રત્યેની પોતાની વફાદારી દર્શાવી અને કહ્યું, હું હાફિઝ સાહેબનો ગુલામ છું.

તેમના ભડકાઉ ભાષણમાં, રાશિદે ભારત વિરુદ્ધ જવલંત ટીકા કરી. તેમણે ચેતવણી આપી કે જો ભારત પાકિસ્તાન તરફ જોવાની હિમત કરશે તો અલ્લાહ તેનો નાશ કરશે. પોતાના વાહિયાત અને ઉશ્કેરણીજનક ભાષણ ચાલુ રાખતા, રાશિદે કહ્યું,ભારતમાં કોઈ પક્ષી કિલકિલાટ કરશે નહીં, ન તો કોઈ મંદિરની ઘંટડી વાગશે. તેમણે મંચ પરથી ખુલ્લેઆમ જાહેર કર્યું, અમે પાકિસ્તાન સાથે છીએ, અમે હાફિઝ સઈદ સાથે છીએ. આટલું જ નહીં, રાશિદે પોતાના ભાષણમાં બીજો એક વિચિત્ર દાવો કર્યો. તેમણે કહ્યું કે જ્યારે તેઓ અમેરિકામાં હતા ત્યારે તેમના મોબાઈલ ફોનમાંથી હાફિઝ સઈદનો નંબર મળી આવ્યો હતો, જેના પછી યુએસ વહીવટીતંત્રે તેમને દેશમાંથી હાંકી કાઢ્યા હતા. રાવલપિંડીમાં જન્મેલા, શેખ રશીદ પાકિસ્તાની રાજકારણમાં એક જાણીતા વ્યક્તિ છે. તેમણે ઈમરાન ખાનની સરકારમાં પાકિસ્તાનના ગૃહમંત્રી તરીકે સેવા આપી હતી. તેઓ અવામી મુસ્લિમ લીગ (એએમએલ) ના સ્થાપક અને નેતા પણ છે. રાશિદ તેમની અવામી શૈલી અને ટેલિવિઝન પર સ્પષ્ટવક્તા, પરંતુ ઘણીવાર પાયાવિહોણી ટિપ્પણીઓ માટે જાણીતા છે.

# કંગના રણૌતે Gen-Z પર આપેલા નિવેદનથી પલટી મારી, શબાના આજમી પર પણ કર્યો ગંભીર આક્ષેપ

**સમય સંદેશ, મુંબઈ**

ભાજપના સાંસદ કંગના રણૌતે 'Gen Z' વિરોધ પ્રદર્શનકારીઓ અંગેની તેમની વિવાદાસ્પદ ટિપ્પણીઓનો બચાવ કર્યો છે. તેમણે સ્પષ્ટતા કરી કે તેમની ટિપ્પણીઓ વિરોધ કરનારાઓના એક ચોક્કસ જૂથ માટે હતી, આખી પેઢી માટે નહીં. જંતર-મંતર પરના વિરોધ પ્રદર્શનમાં હાજર ૧૦,૦૦૦ લોકોમાંથી મોટાભાગના શબાના આઝમી જેવા લોકો હતા, યુવાનો નહીં તેવો દાવો તેમણે કર્યો હતો.

બોલિવૂડ અભિનેત્રી અને ભાજપના સાંસદ કંગના રણૌતે 'Gen Z' પ્રદર્શનકારીઓ અંગે પોતાની વિવાદિત ટિપ્પણીઓનો બચાવ કરતા સ્પષ્ટતા કરી છે કે તેઓ વિરોધ પ્રદર્શનમાં સામેલ લોકોના એક ચોક્કસ સમૂહ અંગે વાત કરી રહ્યા હતા, નહીં કે આખી પેઢી અંગે. કેટલીક યુવતીઓ અને વિરોધ કરનારાઓને 'જનરેશન ગટર' કહેવા બદલ વિપક્ષી નેતાઓ અને લોકો દ્વારા ટીકા થતાં તેમણે સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને પોતાની ચોખવટ રજૂ કરી છે.

કંગના રણૌતે પોતાની સોશિયલ મીડિયા સ્ટોરી પર વીડિયો શેર કરીને જંતર-મંતરના પ્રદર્શનને 'Gen Z' વિરોધ ગણાવવા સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શનમાં અલગ-અલગ ઉંમરના લોકો હાજર હતા અને તેમાંથી બહુ ઓછા લોકો યુવા પેઢીના હતા. તેમણે કહ્યું કે 'જો તમે માત્ર Gen Zની વાત કરો છો તો તેમની વસ્તી આશરે ૩૦થી ૩૫ કરોડ જેટલી છે.' તેમણે ઉમેર્યું હતું કે, 'જંતર-મંતર પર આશરે ૧૦,૦૦૦ લોકો હાજર હતા અને તેમાંથી અડધાથી વધુ તો શબાના આજમી જેવા ટાઈપના લોકો હતા.'



ઝેન-ઝેડ પર કરેલી ટિપ્પણીઓ પર ચોખવટ કરતા કંગનાએ વિરોધ કરનારાઓને પડકાર ફેંક્યો હતો અને કહ્યું કે 'હું તમને ઓપન ચેલેન્જ આપું છું, મારો એવો કોઈ ચોક્કસ કોટ બતાવો જ્યાં મેં આખી પેઢીનું નામ લીધું હોય. હું પોતે પણ યુવાન છું તેથી હું યુવા વિરોધી ન હોઈ શકું, માટે મારી સામે આ પ્રકારનો નકામો એજન્ડા ચલાવવો જોઈએ નહીં.'

ઉલ્લેખનીય છે કે ૭૫ વર્ષના જાણીતા અભિનેત્રી શબાના આજમી ૨૦ જુલાઈએ જંતર-મંતર પર સંસદ તરફ માર્ચ કરી રહેલા હજારો પ્રદર્શનકારીઓ સાથે જોડાયા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ફોટો અને વીડિયોમાં તેઓ એક ટ્રકમાં મુસાફરી કરતા અને બેરિકેડ પાર કરતા જોવા મળ્યા હતા, જેમાં તેમની સાથે અભિનેતા પ્રકાશ રાજ પણ ઉપસ્થિત હતા.

આ અગાઉ વિરોધ પ્રદર્શન અંગે વાત કરતા તેમણે આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે 'મેં મારી જિંદગીમાં ક્યારેય એક જગ્યા પર આટલી ગંદકી જોઈ નથી, આ વિરોધ પ્રદર્શનની રીલ્સ જોઈને ઉલટી આવે છે.' તેમણે પ્રદર્શનકારીઓ માટે 'જનરેશન ગટર' શબ્દ વાપરીને કહ્યું હતું કે તેમાંથી કેટલાક લોકો પાસે સિસ્ટમને આપવા માટે કંઈ જ નથી અને તેઓ ભણવામાં પણ સારા નથી.

# યુરોપમાં દુર્લભ સૂર્યગ્રહણઃ દિવસે છવાયું અંધારૂંઃ પૂર્ણ સૂર્યગ્રહણે સૂર્યને "ઢાંકી" દીધો

## લોકોએ માણ્યો કુદરતનો અદભૂત નજારોઃ ખુશીથી ઝુમી ઉઠયા લોકો : ઉત્તર સ્પેન, વિયેતનામ, આઈસલેન્ડ, ગ્રીનલેન્ડ સહિતના દેશોમાં પૂર્ણ સુર્યગ્રહણઃ ૨.૧૮ મિનિટ સુધી રહ્યું ભારતમાં ન દેખાયું

**સમય સંદેશ, મેડ્રી**

બુધવાર ૧૨ ઓગસ્ટની સાંજે વિશ્વભરના લાખો લોકોએ એક દુર્લભ સૂર્યગ્રહણ જોયું. યુરોપમાં ૩૦ વર્ષમાં આ પહેલું પૂર્ણ સૂર્યગ્રહણ હતું, જે ઉત્તર સ્પેન, આઈસલેન્ડ અને ગ્રીનલેન્ડના કેટલાક ભાગોમાં દેખાયું. તેણે ખગોળશાષીઓ અને અવકાશ ઉત્સાહીઓને સૌરમંડળની સૌથી રોમાંચક ઘટનાઓમાંની એક જોવાની દુર્લભ તક આપી.બ્રિટન અને યુરોપમાં લગભગ ૩૦ વર્ષમાં સૌથી અદભુત સૂર્યગ્રહણ જોવા મળ્યું. સૂર્યગ્રહણ એક દુર્લભ ખગોળીય ઘટનાનું પરિણામ છે જ્યારે ચંદ્ર પૃથ્વી અને સૂર્યની વચ્ચે સીધો પસાર થાય છે. આના કારણે સૂર્યની ડિસ્ક ચંદ્રની પાછળ છુપાઈ જાય છે, જેના કારણે દિવસ સાંજના અંધકારમાં ફેરવાઈ જાય છે. ગ્રહણનો એક સાંકડો પડછાયો ગ્રીનલેન્ડ, આઈસલેન્ડ, ઉત્તરી રશિયા, સ્પેન અને પોર્ટુગલના એક નાના ભાગ પર પડ્યો. આ માર્ગ પર લાખો લોકોએ પૂર્ણ સૂર્યગ્રહણ જોયું, જ્યારે યુરોપ, ઉત્તરપદ્ગમિ આફ્રિકા અને ઉત્તરપૂર્વીય ઉત્તર અમેરિકામાં આંશિક સૂર્યગ્રહણ જોવા મળ્યું. ગ્રહણ ૨ મિનિટ અને ૧૮ સેકન્ડ સુધી ચાલ્યું, જે દરમિયાન આકાશ અંધકારમાં ડૂબી ગયું. પૂર્ણ ગ્રહણ દરમિયાન, ચંદ્રે સૂર્યની તેજસ્વી સપાટીને સંપૂર્ણપણે ઢાંકી દીધી. આ સમય દરમિયાન, તેનો કોરોના દ્લશ્યમાન થયો. આનાથી એક અદભુત દ્લશ્ય અને વૈજ્ઞાનિકોને સૂર્યનો અભ્યાસ કરવાની એક અદ્ભુત તક મળી.

સ્થાનિક સમય મુજબ ૧૨ ઓગસ્ટના રોજ (વિયેતનામમાં ૧૩ ઓગસ્ટની વહેલી સવારે) પૂર્ણ સૂર્યગ્રહણ થયું. આ ઘટનાનું કેન્દ્રબિદુ સ્પેનમાં, લાખો લોકો આ દુર્લભ ગ્રહણ જોવા માટે દરિયાકિનારા, ચોરસ, સ્ટેડિયમ, ગ્રામીણ વિસ્તારો અને શહેરોમાં ઉમટી પડ્યા હતા, જે સૂર્યના સંપૂર્ણ સ્પેક્ટ્રમના સંપર્કમાં હતું.

મેડ્રિડની ઉત્તરે આવેલા બુઈટ્રાગો ડે લોઝોયામાં, ચંદ્ર સંપૂર્ણપણે દેખાતાંની સાથે જ ભીડ ઉભી થઈ, તેમના રક્ષણાત્મક ચશ્મા ઉતારી દીધા અને ખુશીઓથી ગૂંજી ઉઠી, રોઈટર્સે અહેવાલ આપ્યો. સૂર્યના છેલ્લા કિરણો ચંદ્રની ધાર પરના ખડકાળ ભૂપ્રદેશમાંથી પસાર થયા અને ક્ષિતિજની નજીક ચમક્યા તે પહેલાં અંધકાર બધું જ ઘેરી લે છે.

મધ્યરાત્રિએ, વિસ્તારની સ્વચાલિત સિચાઈ પ્રણાલી અચાનક ચાલુ થઈ ગઈ, જેના કારણે કેટલાક દર્શકો ભીના અને ચોંકી ગયા. એક મિનિટ કરતાં વધુ સમય પછી,



લાઈટ ધીમે ધીમે પાછી ફરી, લાલ અને પછી લીલા પ્રકાશના સ્તરો બનાવ્યા, જેનાથી એવું લાગે છે કે સૂર્યાસ્ત અને સૂર્યોદય લગભગ એક સાથે થઈ રહ્યા છે. કાસ્ટિલા વાય લીઓન પ્રદેશમાં આવેલા પ્રાચીન ટેકરીની ટોચ પર આવેલા મેડિનાસેલીમાં, સ્થાનિકો અને પ્રવાસીઓ કલાકો અગાઉ ખુરશીઓ અને છત્રીઓ સાથે તેમના સ્થાનો અનામત રાખવા માટે પહોંચ્યા હતા. શરૂઆતમાં પ્રકાશ ઝાંખો દેખાતો હતો, પછી ઝડપથી ઝાંખો પડી ગયો કારણ કે ચંદ્ર સૂર્યને લગભગ સંપૂર્ણપણે ઢાંકી દેતો હતો.

# વરસાદના કારણે હિમાચલમાં ૧૭૩ લોકોના મોતઃ ૯૩૬ કરોડથી વધુનું નુકસાન

## રાજ્યમાં ૨૦૦ રસ્તા બંધ થયા હતા, ૪૫ પાવર ટ્રાન્સફોર્મર અને ૩૯ પીવાના પાણીની યોજનાઓ પ્રભાવિત થઈ

**સમય સંદેશ, સિમલા**

૨૦૨૬નું ચોમાસુ હિમાચલ પ્રદેશમાં સતત તબાહી મચાવી રહ્યું છે. અત્યાર સુધીમાં, આપત્તિઓ અને માર્ગ અકસ્માતોમાં ૧૭૩ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૯૩૬.૬૩ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન નોંધાયું છે. ૧૩ ઓગસ્ટની સવાર સુધીમાં, રાજ્યમાં ૨૦૦ રસ્તા બંધ થયા હતા, ૪૫ પાવર ટ્રાન્સફોર્મર અને ૩૯ પીવાના પાણીની યોજનાઓ પ્રભાવિત થઈ હતી. મંડી અને કુલ્લુમાં રોડ કનેક્ટિવિટી સૌથી વધુ પ્રભાવિત થઈ હતી.

આ વર્ષે, હિમાચલ પ્રદેશમાં ચોમાસુ માત્ર પર્વતોનું પરીક્ષણ કરી રહ્યું નથી, પરંતુ જાહેર જીવન અને સરકારી માળખાગત સુવિધાઓ પર પણ અસર કરી રહ્યું છે. રાજ્ય કટોકટી કામગીરી કેન્દ્રના ૧૨ ઓગસ્ટ સુધીના સંચિત અહેવાલ મુજબ, રાજ્યમાં ચોમાસાની ઋતુ દરમિયાન આપત્તિઓને કારણે ૭૫ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે ૯૮ લોકોએ માર્ગ અકસ્માતોમાં જીવ ગુમાવ્યા છે. આમ, ચોમાસાની ઋતુ દરમિયાન આપત્તિઓ અને માર્ગ અકસ્માતો સહિત ૧૭૩ મૃત્યુ નોંધાયા છે. સરકારી અહેવાલો અનુસાર, રાજ્યને ચોમાસાની ઋતુ દરમિયાન રૂા.૯૩,૬૬૩.૪૧ લાખ (આશરે રૂા.૯૩૬.૬૩ કરોડ)નું નુકસાન થયું છે. આમાં જાહેર અને ખાનગી મિલકત અને વિવિધ વિભાગોને નુકસાનનો સમાવેશ થાય છે.

૧૩ ઓગસ્ટની સવારે પણ વરસાદની અસર ઓછી થઈ ન હતી. રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા સવારે ૧૦ વાગ્યે જાહેર કરાયેલા અહેવાલ મુજબ, રાજ્યમાં ૨૦૦ રસ્તા બંધ થયા હતા. વધુમાં, ૪૫ વિતરણ ટ્રાન્સફોર્મર (ઉઝછ) ખોરવાયા હતા, અને ૩૯ પીવાના પાણી પુરવઠા યોજનાઓને અસર થઈ હતી. પાછલી સાંજની સરખામણીમાં રસ્તા બંધ થવાની સંખ્યા ૨૦૯ થી ઘટીને ૨૦૦ થઈ હતી, પરંતુ વીજળી અને પાણી પુરવઠો વિવિધ અંશે ખોરવાયો હતો.

માર્ગ બંધ થવાની બાબતમાં મંડી જિલ્લો મોખરે રહ્યો, જેમાં ૬૪ રસ્તા બંધ હતા. આ પછી, કુલ્લુમાં ૬૦ રસ્તા, શિમલામાં ૩૨ અને ચંબામાં ૨૪ રસ્તા બંધ રહ્યા. લાહૌલ-સ્પિતિમાં ત્રણ, કિન્નૌરમાં બે અને ઉનામાં ચાર રસ્તા પણ પ્રભાવિત થયા. કુલ્લુમાં, બંજર સબડિવિઝનમાં ૧૯ રસ્તા, કુલ્લુમાં ૨૩, અનીમાં આઠ અને નિર્મંદમાં ૧૦ રસ્તા બંધ રહ્યા. મંડીમાં, સરજમાં ૪૧ રસ્તા પ્રભાવિત થયા. આ સૂચવે છે કે વરસાદની સીધી અસર પહાડી વિસ્તારોમાં ટ્રાફિક અને ગ્રામીણ જોડાણ પર પડી રહી છે.

રાજધાની શિમલા પણ વરસાદથી અસ્પૃશ્ય નથી. ૧૩ ઓગસ્ટની સવાર સુધીમાં, જિલ્લામાં ૩૨ રસ્તા બંધ રહ્યા. આમાં રામપુર વિસ્તારમાં ૧૫, જુબ્બલમાં ૧૧, કોટખાઈમાં બે અને અન્ય વિસ્તારોના રસ્તાઓનો સમાવેશ થાય છે. જિલ્લામાં ત્રણ ડીટીઆર ખોરવાઈ ગયા હતા, અને ૧૭ પીવાના પાણીની યોજનાઓ પ્રભાવિત થઈ હતી. ચંબા જિલ્લામાં ૨૪ રસ્તા બંધ રહ્યા. ચંબા, ભરમૌર અને અન્ય પેટાવિભાગોમાં પણ વીજ પુરવઠો પ્રભાવિત થયો. જિલ્લામાં તેર પીવાના પાણીની યોજનાઓ પણ ખોરવાઈ ગઈ. કિન્નૌરમાં રિસ્પા લિંક રોડ પાણીના સ્તરમાં વધારો થવાને કારણે બંધ થઈ ગયો હતો, જ્યારે શંકુઈ નાલામાં અચાનક પૂરને કારણે ચરાંગનો લિંક રોડ બંધ થઈ ગયો હતો.

રાજ્ય કટોકટી કામગીરી કેન્દ્રના જિલ્લા-આધારિત અહેવાલ મુજબ, આપત્તિને કારણે સૌથી વધુ મૃત્યુ લાહૌલ-સ્પિતિ (૧૪), કાંગડા (૧૨), કુલ્લુ (૯), ચંબા (૯), મંડી (૬), સિરમૌર (૭) અને શિમલા (૧૦)માં નોંધાયા હતા. રાજ્યમાં આપત્તિને કારણે કુલ મૃત્યુઆંક ૭૫ છે. આપત્તિ ઉપરાંત, માર્ગ અકસ્માતોમાં પણ નોંધપાત્ર નુકસાન થયું હતું. અહેવાલમાં રાજ્યમાં માર્ગ અકસ્માતોને કારણે ૯૮ લોકોના મોત નોંધાયા છે. કાંગડામાં ૧૦, ચંબા અને સિરમૌરમાં ૧૬-૧૬, કુલ્લુમાં ૧૩, શિમલામાં ૧૧ અને ઉનામાં છ લોકોના મોત થયા છે.

# ખાનગી હોસ્પિટલોમાં સરકારી કરતાં ૮ ગણી મોંઘી સારવારથી દર્દીઓની હાલત કફોડી

**સમય સંદેશ, નવી દિલ્હી**

ભારતમાં પોસાય તેવી આરોગ્ય સેવા અને તેમાં રહેલી પારદર્શકતાનો મુદ્દો ફરી એકવાર રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવ્યો છે. હાલમાં જ લોકલ સર્કલ્સ દ્વારા કરાયેલા એક વ્યાપક સર્વેક્ષણ અને સંસદીય સ્થાયી સમિતિ દ્વારા રાજ્યસભામાં રજૂ કરાયેલા ૧૭૬મા અહેવાલે ખાનગી હોસ્પિટલોમાં થતા જંગી ખર્ચ અને અપારદર્શક બિલિંગની કડવી વાસ્તવિકતા ઉજાગર કરી છે. અચાનક આવી પડતી બીમારી કે ઈમરજન્સી વખતે ખાનગી હોસ્પિટલમાં દાખલ થવું એ સામાન્ય પરિવારો માટે માત્ર શારીરિક-માનસિક ચિતા જ નથી લાવતું, પરંતુ અસહ્ય આર્થિક બોજ પણ ઊભો કરે છે.

LocalCircles દ્વારા હાથ ધરવામાં આવેલા આ સર્વેમાં દેશભરના ૩૦૬ જિલ્લાઓમાંથી ૨૩,૦૮૪ થી વધુ નાગરિકોના પ્રતિભાવો લેવાયા હતા. આ ભારતનું અગ્રણી સોશિયલ મીડિયા અને ગવર્નન્સ પ્લેટફોર્મ છે, જે નાગરિકો અને સરકાર વચ્ચે સેતુ સમાન કામ કરે છે.

લિંગ ગુણોત્તરઃ સર્વેમાં ભાગ લેનારાઓમાં ૬૯% પુરુષો અને ૩૧% મહિલાઓ સામેલ હતી.

ભૌગોલિક વિભાજન : ૪૬% ટાયર-૧, ૩૦% ટાયર-૨ અને ૨૪% ટાયર-૩, ૪ તથા ૫ જિલ્લાઓમાંથી પ્રતિભાવો મળ્યા હતા. આ દર્શાવે છે કે ખાનગી હોસ્પિટલના મોંઘા બિલની સમસ્યા માત્ર મહાનગરો પૂરતી મર્યાદિત નથી, પરંતુ નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં પણ એટલી જ ગંભીર છે.

સમાજવાદી પાર્ટીના સાંસદ રામ ગોપાલ યાદવની અધ્યક્ષતાવાળી આરોગ્ય સંબંધિત સંસદીય સ્થાયી સમિતિના ૧૭૬મા અહેવાલમાં નેશનલ સેમ્પલ સર્વે (ગજજ)ના ૮૦મા રાઉન્ડ (જાન્યુઆરીથી ડિસેમ્બર ૨૦૨૫)ના ડેટા રજૂ કરાયા છે.

## તંત્રી સ્થાનેથી..

### મણિપુર.. ભારેલો અગ્નિ !

કેન્દ્રના ગૃહ ખાતાએ વિવિધ રાષ્ટ્રીય સુરક્ષા દળોના સંખ્યાબંધ પડાવો અને કુમક મણિપુર મોકલી છે, પરંતુ એનાથી શાંતિ સ્થાપી શકાઈ નથી. છેલ્લા બે મહિનાથી મણિપુર લગભગ બંધ જેવી સ્થિતિમાં છે. પ્રધાનોના નિવાસસ્થાનો પણ હવે સલામત નથી. કુકી જનજાતિ તરફથી સર્વોચ્ચ અદાલતમાં કરવામાં આવેલી દલીલમાં એમ કહેવામાં આવ્યું છે કે આ તોફાનોમાં રાજય સરકારનો હાથ છે અને તે એટલી હદ સુધી કે મૈતેઈ આંદોલનકારીઓને આ સરકાર ફંડ અને શસ્ત્રો પણ પૂરા પાડે છે. જો કે સર્વોચ્ચ અદાલતે કહ્યું કે કાયદો અને વ્યવસ્થા સંભાળવાની જવાબદારી ચૂંટાયેલી જે તે સરકારની છે. એ કામ અદાલતોનું નથી. તો પણ સર્વોચ્ચ અદાલતે જનજાતિઓના આંતરવિગ્રહ અંગેની રજૂઆતો સાંભળવાની બારી ખુલ્લી રાખી છે. રાજય સરકારે હજુ સુધી મૈતેઈ અને કુકી આદિવાસી જૂથોના નેતાઓ વચ્ચે સંતલસ ગોઠવી નથી. જયાં સુધી પરમપરાગત પદ્ધતિથી એ લોકોની સંયુક્ત સભા નહીં યોજાય અને આદિવાસી નેતાઓ આ સમસ્યાના સમાધાન માટે આગળ નહીં આવે ત્યાં સુધી આનો કોઈ ઉકેલ આવે એમ નથી. મૈતેઈ સમુદાય છેલ્લા દસ વર્ષથી પોતાના અધિકારોથી વંચિત છે. મણિપુરમાં પ્રકૃતિએ અણમોલ ખજાનો પાથરેલો છે. જમીન ખૂબ જ ફળદ્રુપ છે. ચારે બાજુ જંગલો, પહાડો અને પૂરપાટ વહેતી બારમાસી નદીઓ છે. આમાંની મોટાભાગની ભૂમિ પર કુકી આદિવાસીઓનો કબજો છે. મૈઉઈ લોકોને ન્યાય આપવામાં આવે તો તેઓ આ જમીનોમાં અને આ પહાડોમાં ભાગ પડાવે એવી સંભાવના છે. મણિપુરના આ જંગલોમાં અનેક ઔષધિ ઓ થાય છે. કેટલાક વૃક્ષોમાંથી ઈમારતી લાકડું પણ મળે છે. આ સળગતા પ્રશ્નને કારણે સંખ્યાબંધ નિર્દોષ નાગરિકો વિવિધ સામુહિક હત્યાકાણ્ડનો ભોગ બન્યા છે અને હજારો ઘવાયા છે. દરરોજ અનેક પરિવારો પાડોશના વિવિધ રાજયોમાં આશ્રય લેવા લાગ્યા છે. સત્તા પર આરોહિત ભાજપ સરકાર સામેનો વિરોધ ઉગ્ર બનતો જાય છે. જો અહીં ભાજપ સરકાર સિવાયનું શાસન હોત તો કેન્દ્ર સરકારે ઘણા સમય પહેલા અહીં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી દીધું હોત. હાઈકોર્ટે માત્ર આ ટકોર જ કરી હતી, કોઈ ચૂકાદો આપ્યો નથી. પરંતુ એને કારણે કુકી સમુદાયે માની લીધું કે હવે અમારા અધિકારો મૈતેઈ લોકો છીનવી લેશે. ત્યારથી જે ચિનગારી શરૂ થઈ તેની આગ હજી સુધી કોઈ બુઝાવી શક્યું નથી.




### દેવભૂમિ દ્વારકા જિલ્લાના રમતવીરો હવે રાષ્ટ્રીય ક્ષેત્રે મેળવશે સિદ્ધિઓ

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રૂા.૨૫ કરોડ કરતાં વધુ રકમના ખર્ચે નવનિર્મિત રમત સંકુલનું નાયબ મુખ્યમંત્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરાયું







**સમય સંદેશ, દ્વારકા**

રાજ્યનું રમતગમત ક્ષેત્ર નવા શિખરો સર કરે તેમજ વિશ્વ ફલક પર દેશ તથા રાજ્યનું નામ અંકિત કરતા પ્રતિભાશાળી રમતવીરો માટે ''શક્તિદૂત ૨.૦ યોજનાનો રાજ્યવ્યાપી શુભારંભ તેમજ ખંભાળિયા ખાતે રૂ. ૨૫ કરોડથી વધારે રકમના ખર્ચે દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષા તથા ભાણવડ તાલુકા કક્ષાના નવનિર્મિત અદ્યતન રમત સંકુલનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વર્ચ્યુઅલ માધ્યમથી ઈ - લોકાર્પણ કર્યું હતું.

રમતગમત ક્ષેત્રે ગુજરાતના યુવાનોનું સ્વપન સાકાર કરવા માટે જરૂરી તમામ મદદ કરવા રાજ્ય સરકાર સંપૂર્ણ રીતે તૈયાર છે, તેમ જણાવતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં લોન્ચ કરવામાં આવેલી 'શક્તિદૂત ૨.૦' યોજના આગામી ૧૦ વર્ષમાં ગુજરાતના ખેલાડીઓને દેશ અને દુનિયામાં ભારત અને ગુજરાતનું નામ રોશન કરવા માટે મજબૂત મંચ પૂરું પાડશે. શક્તિદૂત યોજના થકી વર્ષ ૨૦૧૫ થી અત્યાર સુધીમાં ૭૭૭ આંતરરાષ્ટ્રીય સહિત કુલ ૧૭૪૦ ખેલાડીઓએ વિવિધ રમતોમાં મેડલ જીત્યા છે.

તેમણે ભૂતકાળને યાદ કરતાં જણાવ્યું હતું કે, આજથી ૨૫ વર્ષ પહેલાં જ્યારે ગુજરાતના ખેલાડીઓ નેશનલ ટૂર્નામેન્ટ્સમાં ભાગ લેવા જતા ત્યારે તેમને પરંપરાગત ઓળખ સુધી જ સીમિત ગણવામાં આવતા હતા. પરંતુ, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ખેલ મહાકુંભ અને શક્તિદૂત જેવી યોજનાઓ શરૂ થતાં રાજ્યમાં રમતગમત ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ આવી છે. આજે ટીમ ગુજરાત જે ક્ષેત્રમાં પગ મૂકે છે ત્યાં ઝળહળતી સફળતા મેળવવા સક્ષમ બની છે.

શક્તિદૂત યોજનાની મુખ્ય વિશેષતાઓ વિશે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, અગાઉ માત્ર ૬૪ ખેલાડીઓને મળતો લાભ હવે સીધો ૫૦૦ ખેલાડીઓ સુધી વિસ્તૃત કરાયો છે. પ્રતિ ખેલાડી વાર્ષિક રૂ. ૫૦ લાખ એટલે કે માસિક સરેરાશ રૂ. ૪.૨૫ લાખ સુધીની વિશ્વસ્તરીય ટ્રેનિંગ સહાય આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. શક્તિદૂત યોજના અંતર્ગત હવે દિવ્યાંગ રમતવીરો માટે ૫૦ બેઠકોનું ખાસ આરક્ષણ રાખવામાં આવ્યું છે. ખેલાડીઓ સમગ્ર વર્ષ દરમિયાન પોતાના મેડલ અને પ્રદર્શનના આધારે પોર્ટલ પર સીધી અરજી કરી શકશે.

હર્ષ સંઘવીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યમાં રમતવીરોની ઈંજરી રિકવરી માટે દેશનું નંબર ૧ સ્પોર્ટ્સ સાયન્સ અને મેડિસિન રિકવરી સુવિધા ગુજરાતમાં ઉપલબ્ધ કરવામાં આવશે. રમતવીરોને હવે નાણાકીય કે ટ્રેનિંગ સંબંધિત કોઈ ચિંતા કરવાની જરૂર નથી. હવે ખેલાડીઓએ માત્ર જુસ્સાથી મહેનત કરવાની છે, તેના સિવાયની તમામ ચિંતા હવે રાજ્ય સરકાર કરશે.

દેશ કે વિદેશના કોઈપણ ખૂણે શ્રેષ્ઠ કોચિંગ કે ટેકનિકલ ટ્રેનિંગ લેવી હશે તો તેની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકાર ઉઠાવશે. આ ઉપરાંત, આવનારી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ ને ધ્યાનમાં રાખીને ખેલાડીઓને અત્યારથી જ આગામી ચાર વર્ષ માટે સઘન ટ્રેનિંગ મળે તે પ્રકારનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

તેમણે ખેલાડીઓના વાલીઓનો આભાર માનતાં જણાવ્યું હતું કે તેમના વિશ્વાસના કારણે જ આજે ગુજરાતના બાળકો રમતગમતમાં દેશનું નામ રોશન કરી રહ્યા છે. સાથે જ, તમામ રમતવીરોને ખેલદિલીપૂર્વક હેલ્ધી કોમ્પિટિશન કરવા અને નવનિર્માણ પામેલા સ્પોર્ટ્સ સંકુલો તથા લાઈબ્રેરીઓની સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી. વર્ષ ૨૦૩૦માં અમદાવાદ ખાતે યોજાનારી કોમનવેલ્થ ગેમ્સમાં ગુજરાતના ખેલાડીઓ સૌથી વધુ મેડલો મેળવી દેશનું નામ રોશન કરશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય મુળુભાઈ બેરાએ જિલ્લા તથા તાલુકા કક્ષાના રમત સંકુલના ઈ-લોકાર્પણ પ્રસંગે સહર્ષ સાથે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૧૦ થી બાળકો, યુવાનો અને રમતવીરોમાં રમતગમત પ્રત્યે સમયે રમત ગમત ક્ષેત્રે બાળકો અને યુવાઓ રમતગમત પ્રત્યે રુચિ વધે તેમજ બાળકોમાં રમત માટે રહેલ કૌશલ્યનો વિકાસ થાય તે માટે ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી. આ ખેલ મહાકુંભની ફળશ્રુતિ પરિણામે રાજ્યના યુવાનો રમતગમત ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે દેવભૂમિ દ્વારકા જિલ્લો જામનગર જિલ્લામાંથી અલગ નવરચિત થયો એને માત્ર ૧૩ વર્ષ થયા તેમાં અનેક વિકાસ પ્રકલ્પો પ્રાપ્ત થયા છે. વડાપ્રધાનશ્રી પ્રયાસો પરિણામે ગુજરાત આગામી વર્ષ ૨૦૩૦ માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા જઈ રહ્યું છે ત્યારે રાજ્યના યુવાનો આ કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લઈ અનેક સિદ્ધિઓ હાંસલ કરે તે માટે માળખાગત સુવિધાઓ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સરકાર કરી રહી છે.

આજરોજ જ્યારે આપણે અદ્યતન સુવિધાઓ સભર જિલ્લા તથા તાલુકા કક્ષાના રમત સંકુલની ભેટ મળી છે ત્યારે મારો સૌ યુવાનોને અનુરોધ છે કે સૌ આ રમત સંકુલ લાભ લઈ રમતગમત ક્ષેત્રે રાજ્ય તથા જિલ્લાને ગૌરવાન્વિત કરે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

હાલમાં ખંભાળિયામાં અંદાજિત રૂ. ૬૭ કરોડ ખર્ચે ન્યૂ સલાયા બંધારા સિંચાઈ યોજના મંજૂરી તો મળી સાથે તેની જરૂરી કાર્યવાહી પણ ઝડપથી આગળ વધી રહી છે. આ સિંચાઈ યોજના નિર્માણથી સલાયા સહિત દરિયાકાંઠાના ગામોને સિંચાઈ તેમજ પીવાના પાણીની સુવિધાઓ ઉપલબ્ધ થતા અનેકગણો ફાયદો થવાનો છે. આમ, કેન્દ્ર તથા રાજ્ય સરકારની અનેક કલ્યાણકારી યોજનાઓ લાભ છેવાડાના વિસ્તાર સુધી પહોચતા રાજ્ય વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે.

આ સાથે અગ્રણી મયુરભાઈ ગઢવીએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનના અગાઉ મુખ્યમંત્રીકાળ દરમ્યાન શરૂ કરાયેલા ખેલ મહાકુંભથી આજે ગુજરાત કોમનવેલ્થ ગેમ્સનું યજમાન બનવા સજ્જ થઈ રહ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા તથા તાલુકા કક્ષાના રમત સંકુલ નિર્માણ થયું તે અને આજે તેનું લોકાર્પણ થઈ રહ્યું છે ત્યારે આપણા સૌ જિલ્લાવાસીઓ માટે ખૂબ આનંદનો અવસર છે.

તેમણે ઉપસ્થિત વિવિધ ખેલાડીઓ અને વિદ્યાર્થીઓને રમતગમત માટેની અભિરુચિ કેળવી આગળ વધવા અને સ્પોર્ટ્સ સંકુલનો ઉપયોગ કરીને આગળ વધે તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ સાથે જિલ્લા કલેકટર રાજેશ તન્ના તથા પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળાએ રમતવીરો સાથે સહર્ષ સંવાદ કરી આગામી સમયમાં યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ તેમજ રમત ગમત ક્ષેત્રે રમતવીરો પોતાનું કૌશલ્ય નિખારી શકે તે માટે જરૂરી માર્ગદર્શન તથા જુસ્સો પૂરો પાડ્યો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષા તથા ભાણવડ તાલુકા કક્ષાના રમત સંકુલના ઈ-લોકાર્પણ પ્રસંગે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ચિમનભાઈ નકુમ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન જયેશભાઈ જેઠવા, કલેક્ટર રાજેશ તન્ના, પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા, તાલુકા પંચાયત પ્રમુખ શક્તિસિંહ જાડેજા, ભાણવડ તાલુકા પંચાયત પ્રમુખ પ્રીતેશભાઈ ડાંગર, અગ્રણી કશ્યપભાઈ ડેર, રામશીભાઈ મારુ, મુળુભાઈ કંડોરિયા, રાજુભાઈ ભરવાડ, સંજયભાઈ નકુમ સહિત જિલ્લા, તાલુકા તથા નગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ તથા રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

# પવિત્ર શ્રાવણ માસમાં ખંભાળીયામાં નોનવેજના હાટડા બંધ કરવા રજુઆત



**સમય સંદેશ, ખંભાળિયા**

ગુરુવારથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે ખંભાળિયાના જુદા જુદા વિસ્તારોમાં વેંચતા નોનવેજ પર પ્રતિબંધ મૂકવા પશુ સંસ્થાના કાર્યકરો દ્વારા તંત્રને રજૂઆત કરવામાં આવી છે.

ખંભાળિયાની જાણીતી પશુ સેવા સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકરો દ્વારા અહીંના જિલ્લા કલેકટરને પાઠવવામાં આવેલા આ પત્રમાં જણાવાયું છે કે ખંભાળિયાના જુદા જુદા વિસ્તારોમાં નોનવેજ, ઈંડા, મટન, માછલી, વિગેરેની દુકાનો તેમજ લારીઓ મોટી સંખ્યામાં ચાલી રહી છે. ત્યારે હાલ શ્રાવણ માસને અનુલક્ષીને લોકોની ધાર્મિક લાગણી ન દુભાય તે બાબતને ધ્યાનમાં લઈ અને શ્રાવણ માસ દરમિયાન આ પ્રકારે વેચાતા નોનવેજ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી છે. ખંભાળિયામાં ઠેર ઠેર નોનવેજની લારી અને રેસ્ટોરન્ટ મુખ્ય માર્ગ ઉપર ચાલુ હોય, તેથી ધર્મપ્રેમી હિન્દુ જનતાની ધાર્મિક લાગણીને ઠેસ ન પહોંચે તે માટે નક્કર પગલાં લેવા આ પત્રમાં જણાવાયું છે.

# જામનગરમાં અગમ્ય કારણોસર યુવતીનો ગળેફાંસો

**સમય સંદેશ, જામનગર**

જામનગર શહેરના તીરૂપતી પાર્ક-૨ વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષીય યુવતીએ પોતાના રહેણાંક મકાનમાં ગળાફાંસો ખાઈ લેતાં તેનું મૃત્યુ નીપજ્યું હતું. બનાવને પગલે પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી.

મળતી માહિતી મુજબ, તીરૂપતી પાર્ક-૨, શેરી નં. ૪/બી, સાવન બંગલો ખાતે રહેતી ખુશી મનોજ કનોજીયા (ઉ.વ.૨૧)એ આશરે ૧૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર છતના પંખા સાથે ચુંદળી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો.

બનાવની જાણ થતાં પરિવારજનોએ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, યુવતીનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. યુવતીએ કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે હાલ કોઈ સ્પષ્ટ કારણ સામે આવ્યું નથી. પોલીસે મૃતકના પિતા મનોજ



રામપુજન કનોજીયાની જાણના આધારે અકસ્માતે મોતની નોંધ કરી બનાવ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

# બેટ દ્વારકા મંદિરે ધજાની રકમ વધારાતા વિવાદઃ સ્થાનિક ટ્રસ્ટી, ગુગળી ૫૦૫ અને પંડાસભાનો વિરોધ, ટ્રસ્ટે ઠરાવનો બચાવ કર્યો

**સમય સંદેશ, દ્વારકા**

બેટ દ્વારકા મંદિર ખાતે ચડાવવામાં આવતી ધજાની નિયત રકમમાં અચાનક વધારો કરવામાં આવતા વિવાદ વકર્યો છે. ધજાની રકમમાં કરાયેલા વધારા અંગે સ્થાનિક ટ્રસ્ટીઓ, બેટ દ્વારકા ગુગળી ૫૦૫ના આગેવાનો તથા પંડાસભાના પ્રમુખ દ્વારા અમદાવાદ સ્થિત ટ્રસ્ટીઓ સમક્ષ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. આ સમગ્ર મામલે સ્થાનિક આગેવાનો દ્વારા તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં ધજાની રકમમાં વધારો કરતા પહેલાં સ્થાનિક ટ્રસ્ટીઓ, ગુગળી ૫૦૫ના આગેવાનો તથા પંડાસભાને જાણ કેમ કરવામાં આવી નહીં, તે અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે. ધજા ચડાવવાની પરંપરા સાથે લોકોની ધાર્મિક લાગણી જોડાયેલી હોવાથી આ નિર્ણયને લઈને સ્થાનિકોમાં પણ ચર્ચા જોવા મળી રહી છે. ખાસ કરીને લાંબા સમયથી ચાલી આવતી વ્યવસ્થામાં ફેરફાર કરતા પહેલાં તમામ સંબંધિત પક્ષોને વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા કે નહીં તે મુદ્દો હાલ ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

આ મામલે બ્યુરો ચીફ રિપોર્ટર હોથીભા સુમણીયા તથા માનવ અધિકારના ગુજરાત પ્રભારી નરેશભાઈ ચગ દ્વારા બેટ દ્વારકા દેવસ્થાન સમિતિ ટ્રસ્ટના વ્યવસ્થાપક શ્રી મયુરસિંહની રૂબરૂ મુલાકાત લઈ સમગ્ર મુદ્દે માહિતી






મેળવવામાં આવી હતી. ટ્રસ્ટ તરફથી આપવામાં આવેલા ખુલાસા મુજબ ધજા ચડાવવા માટેની નિયત રકમમાં વધારો મોંઘવારીને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. ટ્રસ્ટના જણાવ્યા અનુસાર આ નિર્ણય અચાનક લેવામાં આવ્યો નથી, પરંતુ થોડા સમય અગાઉ ટ્રસ્ટીઓ દ્વારા જનરલ મીટિંગ યોજવામાં આવી હતી. આ બેઠકમાં ધજાની રકમમાં વધારો કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી અને ત્યારબાદ સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હોવાનો ટ્રસ્ટ દ્વારા દાવો કરવામાં આવ્યો છે. ટ્રસ્ટના વ્યવસ્થાપક મયુરસિંહે જણાવ્યું હતું કે આ ઠરાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો અને આવેદનપત્ર આપવા આવનાર સંબંધિત લોકોને પણ આ અંગે જાણ કરવામાં આવી હોવાનું જણાવાયું છે. જોકે, આ દાવાને લઈને સામે પક્ષે સવાલો ઉઠાવવામાં આવ્યા છે અને ઠરાવની નકલ જાહેર કરવાની માંગ કરવામાં આવી છે.

ટ્રસ્ટ દ્વારા ધજાની વ્યવસ્થામાં પણ કેટલાક ફેરફાર કરવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. હાલ દરરોજ પાંચ ધજા ચડાવવાનો નિયમ રાખવામાં આવ્યો છે, જેમાંથી એક ધજા ટ્રસ્ટ હસ્તક રહેશે. આ ઉપરાંત અગાઉ જે રીતે બારોબારથી ધજા ચડાવવામાં આવતી હોવાની વ્યવસ્થા હતી, તે બંધ કરવામાં આવી હોવાનું ટ્રસ્ટ તરફથી જણાવાયું છે. હવે દરેક ધજા માટે ફરજિયાત નોંધણી કરાવવાની રહેશે અને ધજાની નિયત રકમ રૂ. ૮,૧૦૦ રાખવામાં આવી છે. આ રકમની સત્તાવાર પહોંચ ટ્રસ્ટની ઓફિસમાંથી જ મેળવવાની રહેશે. ટ્રસ્ટનું કહેવું છે કે આ વ્યવસ્થાથી ધજાની નોંધણીમાં પારદર્શિતા રહેશે અને તમામ ધજાની સત્તાવાર નોંધ ટ્રસ્ટ પાસે ઉપલબ્ધ રહેશે. જોકે, આ ફેરફારથી સ્થાનિક ધાર્મિક વ્યવસ્થા સાથે જોડાયેલા લોકોમાં અસંતોષ ઊભો થયો છે અને નિર્ણય પ્રક્રિયામાં સ્થાનિક પ્રતિનિધિઓને કેટલી હદે સામેલ કરવામાં આવ્યા હતા તે અંગે ચર્ચા તેજ બની છે. બીજી તરફ, આ સમગ્ર મામલે પંડાસભાના પ્રમુખ શ્રી ભગવત સાથે ફોન મારફતે વાતચીત કરી ધજાની રકમમાં વધારા અંગે ખુલાસો માંગવામાં આવ્યો હતો. તેમણે ટ્રસ્ટ દ્વારા જનરલ મીટિંગ યોજાઈ હોવાનો તથા સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હોવાનો દાવો તદ્દન ખોટો અને પાયાવિહોણો હોવાનું જણાવ્યું હતું. તેમણે સ્પષ્ટપણે માંગ કરી છે કે જો ટ્રસ્ટ દ્વારા ખરેખર જનરલ મીટિંગ યોજીને સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હોય તો તેની નકલ જાહેર કરવામાં આવે, જેથી સમગ્ર બાબત સ્પષ્ટ થઈ શકે. પંડાસભાના પ્રમુખના જણાવ્યા મુજબ અમદાવાદના ટ્રસ્ટીઓ દ્વારા સ્થાનિક ટ્રસ્ટીઓ, બેટ દ્વારકા ગુગળી ૫૦૫ના આગેવાનો અને પંડાસભાને અંધારામાં રાખવામાં આવ્યા છે. તેમના આક્ષેપ મુજબ આ રીતે નિર્ણય લેવાથી સ્થાનિક લોકોના વિશ્વાસ અને ધાર્મિક લાગણીને ઠેસ પહોંચી છે.

હાલ સમગ્ર મામલે બે અલગ-અલગ દાવાઓ સામે આવતા વિવાદ વધુ મહત્વનો બન્યો છે. એક તરફ ટ્રસ્ટ દ્વારા મોંઘવારીને ધ્યાનમાં રાખીને જનરલ મીટિંગમાં સર્વાનુમતે ઠરાવ પસાર કરાયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, જ્યારે બીજી તરફ પંડાસભા અને સ્થાનિક આગેવાનો આ દાવાને નકારીને ઠરાવની સત્તાવાર નકલ જાહેર કરવાની માંગ કરી રહ્યા છે. આગામી દિવસોમાં ટ્રસ્ટ અને સ્થાનિક આગેવાનો વચ્ચે બેઠક યોજાઈને આ મુદ્દાનો ઉકેલ લાવવાના પ્રયાસો કરવામાં આવશે તેવી માહિતી પણ સામે આવી છે. હવે જોવાનું એ રહેશે કે ટ્રસ્ટ દ્વારા ઠરાવની નકલ અને નિર્ણય પ્રક્રિયા અંગે કેટલો ખુલાસો કરવામાં આવે છે અને સ્થાનિક પક્ષકારો સાથેની ચર્ચા બાદ ધજાની રકમ તથા નવી વ્યવસ્થા અંગે શું નિર્ણય લેવાય છે. બેટ દ્વારકા મંદિરની ધાર્મિક પરંપરા અને સ્થાનિક લોકોની લાગણી સાથે જોડાયેલા આ મુદ્દે પારદર્શિતા અને સંવાદ દ્વારા ઉકેલ આવે તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.


## સરકારમાન્ય બૉન્ડ રાઈટર

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

અભિજીત જયંતકુમાર દવે

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


# ઓખાનો દારૂનો ધંધાથી 'પાસા' હેઠળ જેલ હવાલે

**સમય સંદેશ, ખંભાળિયા**

ઓખામાં નવીનગરી ખાતે રહેતા મયુર જેન્તીભાઈ થોભાણી નામના ૩૭ વર્ષના શખ્સ સામે સ્થાનિક પોલીસ મથકમાં સમયાંતરે દારૂ સંદર્ભેના વિવિધ ગુનાઓ નોંધાયા હતા. આને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા એલસીબી વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશીના માર્ગદર્શન હેઠળ હેઠળ એલસીબી પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી તેમજ તેમની ટીમ દ્વારા જરૂરી કાર્યવાહી કરી, ઉપરોક્ત શખ્સના ગુનાઓ અંગેની માહિતી એકત્ર કરી, અને તેની પાસા દરખાસ્ત અહીંના જિલ્લા કલેકટર શ્રી રાજેશ એમ. તન્ના સમક્ષ મૂકવામાં આવી હતી. જેને અનુલક્ષીને આ પાસા દરખાસ્તના ઊંડાણપૂર્વકના અભ્યાસ અવલોકન બાદ આરોપી મયુર જયંતીભાઈ થોભાણીના પાસા મંજૂર કરી, અટકાયતી વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. જે સંદર્ભે એલ.સી.બી. પી.એસ.આઈ. એમ.આર. સવસેટા તથા સ્ટાફ દ્વારા ઉપરોક્ત આરોપીને રાઉન્ડ અપ કરી, વોરંટની બજવણી કર્યા બાદ તેને મહેસાણા જિલ્લા જેલ ખાતે મોકલી આપવાની તજવીજ કરવામાં આવી હતી.

# વૈષ્ણવ સાધુ સમાજ અને બારાડીનું ગૌરવ

**(અશ્વિન જોશી-ભાટીયા દ્વારા)**

એક શિક્ષકની શિક્ષણથી સંશોધન સુધીની સુદીર્ઘ માત્ર શિક્ષિત જ નહીં પરંતુ શિક્ષિત હોવા સાથે પોતાના સંસ્કાર ક્ષમતા અને સૌહાર્દની સાધુતાથી દીક્ષિત એવા બારાડી વિસ્તારના ભાટીયા ગામના કિરણબેન રવિદાસ કાપડીએ શિક્ષણના સીમાડાને સંશોધન સુધી પહોંચાડી શિક્ષક અને સંશોધનનો સુમેળ સાધ્યો છે. વિદ્યાશાખામાં સામાજિક વિજ્ઞાન વિષયના વિસ્તૃત ઉત્તરના મૂલ્યાંકન માટેના સોફ્ટવેરની સ્વરચના અને પ્રમાણિકરણ વિષય પર સંશોધન કરી ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાંથી ડોક્ટર નિમિશ કુમાર વિરમગામાના માર્ગદર્શન હેઠળ ડૉંઉની પદવી પ્રાપ્ત કરી વૈષ્ણવ સમાજ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના બારાડી વિસ્તારનું ગૌરવ વધાર્યું છે. કિરણબેન હાલ સરસ્વતી વિનય મંદિરમાં અને ઉ.મા. શાળા રામવાવ (કચ્છ)માં શિક્ષિકા તરીકેની ફરજ બજાવે છે. રાષ્ટ્ર કક્ષાએ ટેકનોલોજી ક્ષેત્રે સૌપ્રથમ વખત થયેલું તેમનું સંશોધન ભવિષ્યમાં શિક્ષણ ક્ષેત્રે અનેક




સમસ્યાના સમાધાન રૂપ સાબિત થશે. સગા-સ્નેહીઓ મિત્રો-વર્તુળો દ્વારા શુભ શુભ શુભેચ્છાઓ પાઠવાઈ રહી છે.

જામનગરમાં રેન્જ ડીઆઈજીની અધ્યક્ષતામાં ક્રાઈમ કોન્ફરન્સ

# ડીઆઈજીએ ભીડ ભંજન મંદિર અને બાલા હનુમાન મંદિરના દર્શન કરી ધન્યતા અનુભવી





**સમય સંદેશ, જામનગર**

વાર્ષિક ઈન્સ્પેક્શન અર્થે ગઈકાલે રાજકોટ રેન્જના ડીઆઈજીપી નિર્લિપ્ત રાય જામનગર પહોંચ્યા હતાં. એસપી કચેરી ખાતે આગમન વેળાએ જિલ્લા પોલીસ વડા ડો. રવી મોહન સૈની સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા તેમનું ગાર્ડ ઓફ ઓનર આપી સ્વાગત કરાયા બાદ નિર્લિપ્ત રાયએ જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

રેન્જ ડીઆઈજીપી નિર્લિપ્ત રાયની અધ્યક્ષતામાં એસપી કચેરીના હોલમાં ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં નિર્લિપ્ત રાય દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા તેમજ ગુનાખોરી પર અંકુશ મેળવવા માટે પોલીસ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપી સ્થિતિની સમીક્ષા કરી હતી.

ઉપરાંત જિલ્લા પોલીસના વિવિધ કાર્યવાહીના અહેવાલ અનુસાર કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. વિવિધ પોલીસ મથકના રજીસ્ટરોની ચકાસણી કરી વર્ષોથી પડતર અને વણઉકેલાયેલા કેસોમાં વધુ તપાસની તાકીદ કરી પીડિતોને ન્યાય મળે તે દિશામાં કાર્યવાહીની સૂચના આપી હતી.

બેઠકમાં પોલીસ વડા ડો. રવી મોહન સૈની, લાલપુર આઈપીએસ અધિકારી પ્રતિભા, શહેર ડીવાયએસપી જે. એન. ઝાલા, ગ્રામ્ય ડીવાયએસપી પીયૂષ વાંદા, પોલીસ હેડકવાર્ટરના ડીવાયએસપી વી. કે. પંડ્યા ઉપરાંત એલસીબીના પીઆઈ, જિલ્લાના તમામ પોલીસ મથકના પીઆઈ, પીએસઆઈ સ્ટાફ જોડાયો હતો. બાદમાં પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પોલીસ સંમેલનમાં હાજરી આપી પોલીસ સ્ટાફને સન્માનિત કર્યા હતા.

તેમજ રિઝર્વ પીઆઈ કચેરીનું પણ નિરીક્ષણ કર્યું હતું સાથે જ પોલીસ હેડકવાર્ટર ખાતે વાર્ષિક નિરીક્ષણ દરમિયાન નિર્લિપ્ત રાયે ઓક્સિજન પાર્ક, માઉન્ટેડ વિભાગમાં ઘોડા, ઊંટ અને ડોગ સ્કવોડની કામગીરીનું જાતનિરીક્ષણ કર્યું હતું. આ તકે તેઓએ અશ્વને ખોરાક આપીને અશ્વપ્રેમ દર્શાવ્યો હતો. આ ઉપરાંત રાત્રે તેઓએ ભીડ ભંજન મંદિર અને બાલા હનુમાન મંદિરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ વેળાએ એએસપી પ્રતિભા અને ડીવાયએસપી ઝાલા સહિતના જોડાયા હતા. આજે બેડી અને સિક્કા પોલીસ મથકનું વાર્ષિક ઈન્સ્પેક્શન થશે.

# જામનગરમાં ટ્રાફિક સમસ્યાને લઈને ગેરકાયદેસર બાંધકામોને અપાશે નોટીસ

**સમય સંદેશ, જામનગર**




સ્ટેન્ડીંગ કમિટી મીટીંગ હોલમાં ટાઉન પ્લાનીગ કમિટીની મીટીંગ ટાઉન પ્લાનીંગ કમિટીના ચેરમેનશ્રી સુભાષભાઈ જી. જોશીના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં વાઈસ ચેરપર્સનશ્રી ખ્યાતિબેન એમ. મુંગરા તેમજ મહાનગરપાલિકાના માન. મેયરશ્રી મોનિકાબેન વ્યાસ, માન. ડે. મેયરશ્રી રાકેશભાઈ ડેર અને માન. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી ધીરેનકુમાર મોનાણી તથા ટાઉન પ્લાનીંગ કમિટીના સભ્યશ્રીઓ, ટાઉન પ્લાનીંગ ઓફિસરશ્રી તથા ટી.પી.ડી.પી. શાખાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ.

જેમાં શહેરની ટ્રાફીક સમસ્યાને ધ્યાને લઈ ગેરકાયદેસર બાંધકામો અંગે કેટલા આસામીઓને નોટીસો ઈસ્યુ કરવામાં આવેલ છે? તે અંગે ચર્ચાવિચારણા કરવામાં આવેલ. ઈમ્પેકટના કાયદા અન્વયે હાલ સુધી મનપાને કેટલી અરજીઓ મળેલ ? તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવેલ અને મનપાને કેટલી આવક પ્રાપ્ત થયેલ તે અંગે ચર્ચાવિચારણા કરવામાં આવેલ. શહેરમાં આવેલ ગીતા લોજ પાસે પડેલ કાટમાળ તાત્કાલિક ઉપાડવા અંગે પણ સુચના આપવામાં આવેલ.

નવા બિનખેતી લે-આઉટ અન્વયે રોડ, લાઈટ, પાણી, ગટર વિગેરે જેવી પ્રાથમિક સુવિધાઓ ડેવલોપર દ્વારા ઉપલબ્ધ કરાવવાની થતી હોય છે. જે અન્વયે સ્થળ તપાસ કરી એન.ઓ.સી. આપવાના થતા હોય છે. પરંતુ અમુક કિસ્સાઓમાં આવી સુવિધાઓ ડેવલોપર દ્વારા આપવામાં ન આવેલ હોવા છતા એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવેલ છે. જે અંગે ચુસ્ત અમલવારી કરાવવા સુચના આપવામાં આવેલ.

શહેરમાં જુદા જુદા કોમર્શીયલ, બિલ્ડીંગ, હોટલોમાં પાર્કીંગ મંજુરી દર્શાવેલ હોય, પરતું સ્થળ ઉપર પાર્કીંગનો ઉપયોગ જે તે આસામી દ્વારા કરવામાં આવતો નથી આવા પાર્કીંગ નિયમોનુસાર ખુલ્લા કરાવવા જેથી ટ્રાફિક સમસ્યા હલ થાય. જે અંગે નિયમાનુસાર પગલા લેવા સુચના આપવામાં આવેલ.

હાલે ચોમાસાની સીઝન ચાલુ હોય શહેરમાં આવેલ ભયજનક ઈમારતો અંગે સર્વે કરી તાત્કાલિક સેઈફ સ્ટેજે લઈ જવા અંગે તથા શહેરમાં આવેલ કોમર્શીયલ કોમ્પલેક્ષમાં પાર્કીંગની વ્યવસ્થા ન હોવાના હિસાબે લોકો આજુ બાજુની શેરીઓમાં ગાડી પાર્કીંગ કરી દબાણ / ન્યુસન્સ કરતા હોય તે અંગે જે તે કોમર્શીયલ કોમ્પલેક્ષોને આપવામાં આવેલ મંજુરી અનુસાર જ ઉપયોગ થાય પાર્કીંગનો ઉપયોગ પાર્કીંગ માટે જ થાય તે માટે કડક અમલવારી કરાવવા સુચના આપવામાં આવેલ. વધુમાં આવનારા સમયને ધ્યાને લઈ નવી ટી.પી. સ્કીમોની મંજુરીમાં વધુ પહોળા રોડ, સેન્ટર ડીવાઈડર સાથેના આયોજન થાય તે અંગે પણ સાથોસાથ સુચના આપવામાં આવેલ.

કોર્પોરેશન અને જાડાની હદમાં રચાઈ રહેલા અને રચાયેલા ખાનગી ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ભુગર્ભ ગટર કનેકશન અંગે જીપીસીબીની ગાઈડલાઈનની ચુસ્ત અમલવારી કરવા અંગે પણ સુચના આપવામાં આવેલ.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે

# જામનગર જીલ્લામાં રૂા.૧૫ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનું વર્ચ્યુઅલ લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરાયું

**સમય સંદેશ, જામનગર**






નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે જામનગર જિલ્લામાં રૂ. ૧૫ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનું વર્ચ્યુઅલ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું તથા નાયબ મુખ્યમંત્રી દ્વારા કાલાવડ ખાતે રૂ. ૧૦.૨૪ કરોડના ખર્ચે તૈયાર થયેલા અદ્યતન તાલુકા રમતગમત સંકુલનું લોકાર્પણ કરાયું.

આ કાર્યક્રમ અંતર્ગત કાલાવડ તાલુકામાં રમતવીરોની પ્રતિભાને ખીલવવા માટે રૂ. ૧૦.૨૪ કરોડના ખર્ચે નિર્મિત અદ્યતન તાલુકા રમતગમત સંકુલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સંકુલમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ તૈયાર કરવા માટે ઈન્ડોર અને આઉટડોર રમતોની શ્રેષ્ઠ સુવિધાઓ ઊભી કરાઈ છે. ઈન્ડોરમાં મલ્ટીપર્પઝ હોલ, જીમનેશિયમ, ખો-ખો, કબડ્ડી, વોલીબોલ, બેડમિંટન કોર્ટ, શૂટિંગ રેન્જ અને ટેબલ ટેનિસ જેવી રમતો સાથે ચેન્જિંગ રૂમની વ્યવસ્થા છે.

જ્યારે આઉટડોરમાં ૨૦૦ મીટર એથ્લેટિક ટ્રેક તથા વિવિધ રમતોની વધારાની કોર્ટ બનાવવામાં આવી છે. આ ઉપરાંત વહીવટી બ્લોક, સ્ટાફ રૂમ, કેન્ટીન, ગેસ્ટ રૂમ સહિત વીજળી, પાણી, ડ્રેનેજ, પાર્કિંગ અને ફાયર સેફ્ટી જેવી પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે, જે કાલાવડ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના યુવાનોને રાષ્ટ્રીય સ્તરે ચમકવા મજબૂત મંચ પૂરું પાડવામા આવી રહ્યું છે. કાલાવડની હિરપરા કન્યા શાળા ખાતે યોજાયેલા સ્થાનિક કાર્યક્રમમાં ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા અને અગ્રણી ડો. વિનુભાઈ ભંડેરીએ પ્રાસંગિક ઉદબોધનમાં રાજ્ય સરકારની ખેલ અને શિક્ષણલક્ષી યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે કાલાવડ નગરપાલિકા પ્રમુખ રંજનબેન રાખોલીયા, જિલ્લા રમત ગમત અધિકારી ભાવેશ રાવલિયા, જિલ્લા પુસ્તકાલયના ગ્રંથપાલ પૂજા મદલાણી, મામલતદાર ભૌમિક ચોવટિયા, તાલુકા વિકાસ અધિકારી, નગરપાલિકા ચીફ ઓફિસર, સંસ્થાના ટ્રસ્ટી જમનભાઈ તારપરા તેમજ સ્થાનિક આગેવાનો પી.ડી. જાડેજા, હસુભાઈ વોરા, અભિષેક પટવા તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# બુલેટમાં સીનસપાટા કરતા શખ્સને કાયદાનું ભાન કરાવતી પોલીસ




**સમય સંદેશ, જામનગર**

જામનગરના મહાવીર સોસાયટીથી નાનકપુરી રોડ પર બુલેટમાં ફટાકડા ફોડી ભર બજારે ભડાકા કરી નીકળેલા શખ્સનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસે બાતમી અને સિસિટીવીના આધારે બુલેટચાલકને પકડી પાડ્યા બાદ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જામનગરના નાનકપુરી રોડ માં બુલેટ પર ફટાકડા ફોડી સીન સપાટા કરતા કોલેજિયનનો વિડિઓ વાયરલ થયો હતો. જોખમી રીતે બુલેટ હંકારતો હોવાનો વીડિયો વાયરલ થતાં સિટી-એ પોલીસની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે સર્વેલન્સ સ્કવોર્ડ ની ટીમને કામે લગાડી હતી અને ગણતરીના કલાકોમાં બુલેટ માં ફટાકડા ફોડી સીન સપાટા કરનાર કોલેજીયનને શોધી કાઢ્યો હતો.

જેને પોલીસ મથકે લઈ આવ્યા બાદ તેની સામે જરૂરી કાર્યવાહી કરી હતી ભવિષ્યમાં હવે કોઈ દિવસ આવું કૃત્ય નહીં કરે તેવી પોલીસ સમક્ષ કબુલાત પણ કરી લીધી હતી. પોલીસે બુલેટને અટકાવી બે પંચોને બોલાવી તપાસ કરતાં ચાલકનું નામ અંશ સંદીપભાઈ ચૌહાણ (ઉંમર ૨૨ વર્ષ, ધંધો અભ્યાસ, રહે. રણજીતસાગર રોડ, પટેલનગર શેરી નં. ૫-૬, જામનગર) હોવાનું બહાર આવ્યું હતું.

દરમિયાન પોલીસ તપાસમાં બુલેટનો રજીસ્ટ્રેશન નંબર જીજે-૧૦-સીક્યુ-૬૬૪૪ હોવાનું તથા અંશ ચૌહાણ પાસે વાહન ચલાવવાનું ડ્રાઈવિંગ લાઈસન્સ ન હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ, યુવાને પોતાની તથા અન્ય રાહદારીઓની જિંદગી જોખમાય તે રીતે બેફિકરાઈ અને ગફલતભરી રીતે બુલેટ ચલાવી હતી.

# ગુજસીટોકના ગુનાઓની તપાસમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ પોલીસકર્મીનું સન્માન

**સંગઠિત ગુનાઓનો ભેદ ઉકેલવામાં કડીરૂપ પુરાવા એકત્રિત કરવા બદલ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય દ્વારા પ્રશંસાપત્ર એનાયત કરાયો**

**સમય સંદેશ, જામનગર**




જામનગરમાં ચકચાર મચાવનાર જયેશ પટેલ, સાયચા ગેંગ, અલ્તાફ ખફી અને અસલમ ખિલજી ગેંગ જેવા સંગઠિત ગુનેગારો વિરુદ્ધ દાખલ થયેલા 'ગુજસીટોક' હેઠળના ગુનાઓમાં અદભુત કામગીરી કરવા બદલ શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષકની કચેરીના એ.એસ.આઈ. પ્રતિપાલસિંહ જીતુભા જાડેજાને ગઈકાલે પ્રશંસાપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

રેન્જ આઈજીની સૂચના અને જામનગરના એસપી ડો. રવિ મોહન સૈની તેમજ ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાના સીધા માર્ગદર્શન હેઠળ, પ્રતિપાલસિંહે તપાસનીશ અધિકારી સાથે રાઈટર તરીકે મદદમાં રહીને આ સિન્ડિકેટ ગેંગ વિરુદ્ધ કડીબદ્ધ અને મહત્વના પુરાવાઓ એકત્રિત કરવામાં ઉત્કૃષ્ટ ભૂમિકા ભજવી હતી.

તેમની આ પ્રશંસનીય અને ગૌરવપૂર્ણ કામગીરીની નોંધ લઈને રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા, જે બદલ એ.એસ.આઈ. પ્રતિપાલસિંહ જાડેજાએ હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીને આઈ.જી. નિર્લિપ્ત રાય અને અન્ય ઉચ્ચ અધિકારીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# જામનગરની ડેન્ટલ કોલેજના રૂા.૧.૩૬ કરોડના કૌભાંડમાં આરોગ્ય વિભાગે રચી તપાસ સમિતિ

**સેશન્સ કોર્ટના આદેશ મુજબ આરોગ્ય અને ગૃહ વિભાગના સચિવોને ડીજીપીએ હુકમની નકલ મોકલી**

**સમય સંદેશ, જામનગર**




જામનગરની સરકારી ડેન્ટલ કોલેજની રોગી કલ્યાણ સમિતિના ખાતામાંથી ડીનની સહીઓ ધરાવતા ૧૫ ચેકો મારફતે આશરે રૂ.૧.૩૬ કરોડની રકમ ઉપાડી ક્લાર્કે પોતાના ખાતામાં મેળવી અન્યત્ર ટ્રાન્સફર કરી નાખવાના ચકચારી પ્રકરણમાં હવે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે તપાસ સમિતિની રચના કરી હોવાનું જાણવા મળ્યું છે.

આ પ્રકરણમાં આરોપીની જામીન અરજી ફગાવતા જામનગરની સેશન્સ અદાલતે ડેન્ટલ કોલેજના ડીન ડો. નયનાબેન પટેલ અંગે કેટલાક શંકાસ્પદ મુદ્દાઓ ટાંક્યા હતા. ઉપરાંત, ડીનને રક્ષણ આપવા જેવું તપાસ વલણ રાખ્યાની નોંધ કરી ત્રણ પોલીસ અધિકારીઓ સામે પણ ગંભીર ટિપ્પણી કરી હતી.

સેશન્સ કોર્ટે પોતાના અલગ હુકમમાં રાજ્યના આરોગ્ય વિભાગના સચિવને ડેન્ટલ કોલેજના ડીન અંગેની નોંધ તથા રાજ્યના ગૃહ વિભાગના જોઈન્ટ સેક્રેટરીને ત્રણ પીએસઆઈ-એસ.જી. કેશવાલા, આર.કે. ખલીફા અને આર.બી. ઠાકોર-અંગેની નોંધ મોકલવા સૂચના આપી હતી.

કોર્ટના આદેશ અનુસાર ડીજીપી કચેરી મારફતે રાજ્યના આરોગ્ય અને ગૃહ વિભાગના સચિવોને હુકમની નકલ મોકલવામાં આવી છે. જિલ્લા સરકારી વકીલ જમન કે. ભંડેરી દ્વારા બંને વિભાગોને અદાલતના હુકમની નકલ પહોંચાડવામાં આવ્યા બાદ હવે આરોગ્ય વિભાગની તપાસ સમિતિ દ્વારા ડેન્ટલ કોલેજના ડીનનો જવાબ લેવામાં આવે તેવી શક્યતા છે. બીજી તરફ ગૃહ વિભાગ દ્વારા ત્રણેય પીએસઆઈની ભૂમિકા અંગે જવાબ લેવામાં આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે આ પ્રકરણની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે આરોપી ક્લાર્કના કબૂલાતના વીડિયો રેકોર્ડિંગ સહિતના પુરાવા રજૂ કર્યા હતા. ઉપરાંત, અન્ય એક આરોપી સુરતથી ઝડપાયો હોવાની વિગતો પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

જોકે, પોલીસ અને સરકાર પક્ષ તરફથી કોર્ટમાં એવી પણ રજૂઆત કરવામાં આવી હતી કે હાલના તબક્કે ડેન્ટલ કોલેજના ડીનની સીધી ભૂમિકા સામે આવી નથી અને સમગ્ર પ્રકરણની તપાસ હજુ ચાલુ છે. હવે રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા રચાયેલી તપાસ સમિતિની કાર્યવાહી અને તેના અહેવાલ ઉપર સમગ્ર મામલાની આગળની દિશા નક્કી થશે.

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર કોર્ટ, વિસાવદર**

(e-mail: mam-visavadar@gujarat.gov.in) ફોન નં. ૦૨૮૭૩-૨૨૨૦૫૬

**નં. એએમજી/ કેસ નં. ૭૯/૨૦૨૬** — **તા. ૨૨/૦૭/૨૦૨૬**

## જાહેર નોટીસ

શ્રી વશરામભાઈ કડવાભાઈ સતાસીયા
રહે. નાની મોણપરી, તા. વિસાવદર, જી. જામનગર... અરજદાર
વિરૂદ્ધ
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી, નાની મોણપરી, તા. વિસાવદર... સામાવાળા

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી વશરામભાઈ કડવાભાઈ સતાસીયા, રહે.નાની મોણપરી, તા.વિસાવદર, જી.જુનાગઢ એ તેમના પુત્ર શ્રી શૈલેષભાઈ વશરામભાઈ સતાસીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૬ ના રોજ વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, નાણી મોણપરી, તા.વિસાવદરના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી ક્રમ મંત્રીશ્રી, નાણી મોણપરી, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૨ જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

| તૈયાર કરનાર | | હુકમથી |
|---|---|---|
| **(એન.જી. ધાંધલ્યા)** | કોર્ટનો સિકકો | **(આર.એન. ખોડભાયા)** |
| નાયબ મામલતદાર | | એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ |
| વિસાવદર | | વિસાવદર |

# 'હર હર મહાદેવ': છોટીકાશીમાં શ્રાવણ માસના પ્રથમ દિવસે ગુંજયા નાદ






**સમય સંદેશઃ જામનગર**

'છોટી કાશી' ના ઉપનામથી પ્રચલિત અને નાના મોટા અનેક શિવાલય ની નગરી એવા (નવાનગર) જામનગર શહેરમાં શ્રાવણ માસના પ્રથમ દિવસે પ્રત્યેક શિવાલયોમાં ભાવિકો બહોળી સંખ્યામાં ઉમટી પડ્યા હતા, અને શિવ ભક્તોના ઘોડાપુર જોવા મળ્યા હતા, જેઓ ના મુખેથી 'હર હર મહાદેવ'નો નાદ ગૂંજયો હતો.

જામનગર શહેરમાં શ્રાવણ માસના પ્રથમ દિવસે વહેલી સવારથી જ શિવ ભક્તોએ બિલિપત્ર ઉપરાંત અભિષેક અને જલાભિષેકની પૂજા અર્ચના કરી ભોળાનાથને રિઝવવા પ્રાર્થના કરી હતી.

જામનગર શહેરના પુરાણપ્રસિદ્ધ સિદ્ધનાથ મહાદેવ મંદિર, નગરની મધ્યમાં આવેલા સુપ્રસિદ્ધ ભીડભંજન મહાદેવ મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, નાગેશ્વર મહાદેવ મંદિર, નીલકંઠ મહાદેવ મંદિર, વૈજનાથ મહાદેવ મંદિર, પ્રતાપેશર મહાદેવ મંદિર, નર્મદેશ્વર મહાદેવ મંદિર ઉપરાંત શહેરના અન્ય વિસ્તારોમાં આવેલા જળેશ્વર મહાદેવ મંદિર, સુખનાથ મહાદેવ મંદિર, મણીકંકેશ્વર મહાદેવ મંદિર, સહિતના શિવાલયોમાં વહેલી સવારથી જ શિવ ભક્તો એ દર્શન માટે કતાર લગાવી હતી, અને રૂદ્રાભિષેક- જલાભિષેક સહિતની પૂજા-અર્ચના કરી હતી. તેમ જ ભગવાન શિવજીના પ્રિય એવા બિલ્વપત્ર ને માથે ચડાવી દર્શનનો લ્હાવો લીધો હતો.

વર્તમાન સમયમાં કોલેરા અને ચાંદીપુરા સહિતનો રોગચાળો ચાલી રહ્યો છે, ત્યારે જામનગર મહાનગર પાલિકાના સફાઈ તંત્ર દ્વારા શહેરના તમામ શિવાલયના દ્વારા કાળજી પૂર્વકની સાફ સફાઈ કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત જામનગર ના પોલીસ વિભાગ અને હોમગાર્ડના જવાનોને પણ અલગ અલગ શિવ મંદિરોના દ્વારે બંદોબસ્ત માટે મૂકવામાં આવ્યા છે. શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે આવેલા શિવ મંદિર બહાર ટ્રાફિક પોલીસના જવાનોને પણ મૂકવામાં આવ્યા છે.

'છોટીકાશી' જામનગરમાં શ્રાવણ માસ નિમિતે શિવાલયોમાં અનેક અવનવી ઝાંખીઓ પ્રસ્તુત કરવામાં આવતી હોય છે. હવાઈ ચોક નજીક સત્યનારાયણ મંદિર રોડ પર આવેલ શ્રી વૈજનાથ મહાદેવ મંદિરે શ્રાવણ માસમાં દર સોમવારે વહેલી સવારે શ્રી મહાકાલ જ્યોતિર્લિંગની તર્જ પર ભસ્મ આરતી કરવામાં આવે છે. હરીયાળી અમાસથી આ પરંપરાનો આરંભ કરવામાં આવ્યો હતો. ભસ્મ આરતી કરવામાં આવી હતી. ભગવાન શ્રી વૈજનાથાં મહાકાલરૂપે દર્શન તથા ભસ્મ આરતીનાં અલૌકિક દર્શનનો લાભ લઈ ભક્તો ધન્ય થયા હતાં.

# જામનગરમાં તિરંગાના રંગે ઝળહળ્યાં ઐતિહાસિક ભૂજિયા કોઠો અને રણમલ તળાવ

**સમય સંદેશ, જામનગર**

ભારતના ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીને લઈ સમગ્ર દેશની સાથે જામનગર શહેર-જિલ્લામાં પણ દેશભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે શહેરમાં તિરંગા યાત્રા સહિત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, ત્યારે જામનગરની ઐતિહાસિક ધરોહરોને પણ તિરંગાના રંગે શણગારવામાં આવી છે.

જામનગર શહેરનો ઐતિહાસિક ભૂજિયો કોઠો, જેનું તાજેતરમાં રેસ્ટોરેશન કાર્ય પૂર્ણ કરવામાં આવ્યા બાદ લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે, તેને જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે તિરંગાની થીમ પર શણગારવામાં આવ્યો છે. બુધવારની રાત્રે તિરંગા રંગની



રોશનીથી ભૂજિયો કોઠો ઝળહળી ઉઠ્યો હતો. રાત્રિના અંધકારમાં કેસરી, સફેદ અને લીલા રંગની લાઈટોથી સજ્જ ઐતિહાસિક કોઠો દૂરથી પણ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો અને સમગ્ર વિસ્તારમાં દેશભક્તિનો માહોલ છવાઈ ગયો હતો.

આ ઉપરાંત જામનગરના ઐતિહાસિક રણમલ તળાવને પણ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે તિરંગાની થીમ પર રોશનીથી શણગારવામાં આવ્યું છે. તળાવની ફરતે ગોઠવવામાં આવેલી વિવિધ રંગબેરંગી લાઈટો વચ્ચે તિરંગા રંગની રોશનીથી સમગ્ર રણમલ તળાવ પરિસરનો નજારો મનમોહક બની ગયો હતો.

ખાસ કરીને તિરંગા રોશનીનો પ્રકાશ જ્યારે રણમલ તળાવની જળરાશિ પર પડતો હતો ત્યારે પાણીમાં કેસરી, સફેદ અને લીલા રંગનું સુંદર પ્રતિબિંબ જોવા મળતું હતું. તિરંગાના રંગોથી ઝળહળતું તળાવ અને તેની પૃષ્ઠભૂમિમાં ઐતિહાસિક ધરોહરોનો નજારો શહેરવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

અનેક શહેરીજનોએ આ સુંદર અને દેશભક્તિથી ભરપૂર નજારો નિહાળી તસવીરો પણ પોતાના મોબાઈલ કેમેરામાં કંડારી હતી. આમ, સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે જામનગર શહેરની ઐતિહાસિક ધરોહરો તિરંગાના રંગે ઝળહળી ઊઠતાં શહેરમાં દેશભક્તિનો માહોલ વધુ ગાઢ બન્યો છે.

# જામનગર શહેરમાં શ્રાવણના પ્રારંભે મેઘરાજાના અમી છાંટણા

## જામનગરમાં ૨૪ કલાકમાં માત્ર ૧ મિ.મી. વરસાદ : કાલાવડમાં ૩ મિ.મી., ખેડૂતોની મેઘરાજા પર મીટ

**સમય સંદેશ, જામનગર**

શ્રાવણ માસના પ્રારંભે જ જામનગર જિલ્લામાં મેઘરાજાએ ફરી એક વખત નિરાશ કર્યા છે. શ્રાવણના પ્રથમ દિવસે જામનગર શહેર અને કાલાવડ પંથકમાં મેઘરાજાએ માત્ર છાંટણા કરીને જાણે મોહરત સાચવ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. આજે સવારે ૮ વાગ્યે પૂર્ણ થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન જામનગર શહેરમાં માત્ર ૧ મિ.મી., જ્યારે કાલાવડમાં ૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો.



જામનગર શહેરમાં ગઈકાલે સાંજે સાડા છ વાગ્યા બાદ અચાનક હવામાન પલટાયું હતું અને આકાશમાં વાદળો ઘેરાતા વરસાદી ઝાપટું શરૂ થયું હતું. જોકે ગણતરીની ક્ષણોમાં જ વરસાદ અટકી ગયો હતો અને વાદળો પણ વિખેરાઈ ગયા હતા. આજે સવારે પણ વરસાદી માહોલ બન્યો હતો અને હળવાં છાંટણાં પડ્યા હતા, પરંતુ ત્યારબાદ ફરી મેઘરાજાએ જાણે મોં ફેરવી લીધું હતું.

શ્રાવણના પવિત્ર માસના પ્રારંભે સારો વરસાદ વરસે તેવી શહેર-જિલ્લાની જનતા તેમજ ખેડૂતોને આશા હતી. જોકે મેઘરાજાએ માત્ર છાંટણાં કરીને વિદાય લેતાં આ આશા પણ અધૂરી રહી છે. છેલ્લા કેટલાક સમયથી સારા વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો હવે ચાતક નજરે આકાશ તરફ મીટ માંડી રહ્યા છે.

જામનગરમાં આજે હવામાનમાં ભેજનું પ્રમાણ પણ ઊંચું રહ્યું હતું. બાજરા સંશોધન કેન્દ્ર, જામનગર તરફથી મળેલી વિગતો મુજબ શહેરમાં મહત્તમ તાપમાન ૩૧.૫ ડિગ્રી સેલ્સિયસ, ભેજનું પ્રમાણ ૯૩ ટકા અને પવનની ગતિ ૭.૨ કિલોમીટર પ્રતિ કલાક નોંધાઈ હતી. જામનગર જિલ્લામાં મેઘરાજાની આવી સંતાકૂકડી વચ્ચે લોકો સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે. ખાસ કરીને ખેડૂતો માટે હવે આગામી દિવસોમાં વ્યાપક વરસાદ થાય તે અત્યંત જરૂરી બન્યું છે. શ્રાવણના પ્રારંભે મેઘરાજાની માત્ર હેલી જોવા મળતાં સૌની નજર હવે આકાશ તરફ મંડાઈ છે.

# રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય જિલ્લા જેલની મુલાકાતે




**સમય સંદેશ, જામનગરઃ** વાર્ષિક ઈન્સ્પેકશન અર્થે જામનગરમાં આવેલા રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય એ બીજા દિવસે જિલ્લા જેલની મુલાકાત લીધી હતી. આ દરમિયાન વિવિધ વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. જેલ પરિસરમાં પહોંચ્યા બાદ જેલર અને જેલ સ્ટાફ દ્વારા ડીઆઈજી નિર્લિપ્ત રાયનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમણે જેલની અંદરની વિવિધ વ્યવસ્થાઓનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું અને જેલ તંત્ર દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે અધિકારીઓ પાસેથી જરૂરી માહિતી મેળવી હતી. વાર્ષિક તપાસના ભાગરૂપે ડીઆઈજીએ જેલની સુરક્ષા વ્યવસ્થા, કેદીઓ માટે ઉપલબ્ધ સુવિધાઓ તેમજ જેલ પરિસરમાં ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓ અને કામગીરીની વિગતો જાણી હતી. જેલમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સુદઢ રાખવા સહિતની બાબતો અંગે પણ તેમણે સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

# જામનગર જિલ્લામાં શ્રાવણ માસના પ્રથમ દિવસથી જ જુગારની મૌસમ ખીલી : ૧૦ પત્તા પ્રેમી ઝડપાયા

**સમય સંદેશ, જામનગર**

જામનગર જિલ્લામાં પોલીસે જુગાર સંબંધિત બે દરોડા પાડ્યા હતાં. મેઘપર પોલીસે મોડપર ગામ નજીક વાડી વિસ્તારમાં અને કાલાવડ ગ્રામ્ય પોલીસે ભાવાભી ખીજડિયા ગામથી દડવી ગામ તરફ જતા રસ્તે જાહેરમાં જુગાર રમી રહેલાં કુલ ૧૦ પત્તાપ્રેમીઓને ઝડપી લીધા હતાં.



મેઘપર પોલીસે બાતમીના આધારે મોડપર ગામે વીરડા વાળી વાડી વિસ્તારમાં ચાલી રહેલાં જુગારના અખાડા પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન જુગાર રમી રહેલાં વાડી માલિક પરબતભાઈ હમીરભાઈ નાવદરીયા (ઉ.વ.૫૫, રહે.મોડપર સીમ વીરડા વાળી વાડી વિસ્તાર રેલ્વે પાટાની સામેના ભાગે તા.લાલપુર જી.જામનગર), લાખાભાઈ હમીરભાઈ નાવદરીયા (ઉ.વ.૪૬, રહે.મોડપર ગામ પાણીના ટાકા પાસે તા.લાલપુર જી.જામનગર), બુધાભાઈ દેવાણંદભાઈ જોગલ (ઉ.વ.૫૯, રહે.ચારણતુંગી ગામ, ગામના પાદરમા તા.લાલપુર જી.જામનગર), રણમલભાઈ અજાભાઈ જોગલ (ઉ.વ.૬૧, રહે.અપીયાગામ, વાડી વિસ્તાર તા.લાલપુર જી.જામનગર), પાલાભાઈ એભાભાઈ ભાટુ (ઉ.વ.૫૪, રહે.આહિરસિંહણ ગામ, વાડી વિસ્તાર તા.જામખંભાળીયા જી. દેવભુમી દ્વારકા), રાજુભાઈ વિક્રમભાઈ ભાટુ (ઉ.વ.૩૯, રહે.મોડપર ગામ, પાણીના ટાકા પાસે તા.લાલપુર જી.જામનગર) નામના છ શખ્સો ઝડપી લીધા હતાં. પોલીસે તમામ શખ્સો પાસેથી રૂા.૫૦,૯૦૦ ની રોકડ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

કાલાવડ ગ્રામ્ય પોલીસે ભાવાભી ખીજડિયા ગામથી દડવી ગામ તરફ જતા રસ્તે જાહેરમાં તિનપત્તીનો જુગાર રમી રહેલાં ઓમદેવસિંહ ગીરીરાજસિંહ જાડેજા (ઉ.વ.૩૮, રહે.ભાવાભી ખીજડીયા ગામ તા.કાલાવડ જી.જામનગર), હરપાલસિંહ સહદેવસિંહ જાડેજા (ઉ.વ.૩૫, રહે.ભાવાભી ખીજડીયા ગામ તા.કાલાવડ જી.જામનગર), જુનેદભાઈ હુશેનભાઈ ઈસાણી (ઉ.વ.૪૦, રહે.ભાવાભી ખીજડીયા ગામ તા.કાલાવડ જી.જામનગર), મયુરસિંહ વનરાજસિંહ જાડેજા (ઉ.વ.૩૮, રહે.ભાવાભી ખીજડીયા ગામ તા.કાલાવડ જી.જામનગર) નામના ચાર શખ્સોને રૂા.૧૩,૬૨૦ની રોકડ સાથે ઝડપી લીધા હતાં. પોલીસે તમામ શખ્સો સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર શહેરમાં છૂટાછેડાના ખારમાં લોહિયાળ ખેલઃ યુવાનની હત્યાનો પ્રયાસ

## પૂર્વ પતિ સહિતના ચાર શખ્સો યુવાન પર તલવાર અને લોખંડના પાઈપ વડે તૂટી પડ્યા : પરિણીતાની ફરિયાદના આધારે આરોપીઓ સામે ગુન્હો નોંધી પોલીસ તપાસનો ધમધમાટ

**સમય સંદેશ, જામનગર**

જામનગર શહેરના સનસિટી-૨ વિસ્તારમાં છૂટાછેડાના ખાર રાખી પૂર્વ પતિએ પોતાના સાગરીતો સાથે મળી પરિણીતાના પતિ પર તલવાર અને લોખંડના પાઈપ વડે જીવલેણ હુમલો કરતાં ચકચાર મચી ગઈ છે. હુમલામાં યુવકને બંને હાથ અને બંને પગમાં ફ્રેકચર સહિત તલવારના ઘા તથા ગંભીર ઈજાઓ પહોંચી હોવાનુ સામે આવ્યું છે. બનાવ અંગે પત્નીની ફરિયાદના આધારે પોલીસે બે નામજોગ સહિત કુલ ચાર શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જામનગર શહેરમાં સનસીટી-૨ બીજો ઢાળીયો, રોશનશા પીરની દરગાહ પાસે રહેતાં શબાનાબેન આમીન તાયાણીએ આરોપી મહમદ ઉર્ફે કારો બોદુભાઈ ખીરા (રહે નાની માટલી ગામ જી.જામનગર), હુશેન રહીમનુરમામદ ખીરા (રહે.રાજકોટ) તથા બે અજાણ્યા શખ્સો સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર શબાનાબેન અગાઉ મહમદ ઉર્ફે કારો બોદુભાઈ ખીરા સાથે લગ્ન કર્યા હતા.

જોકે, આશરે પાંચ મહિના અગાઉ બંને વચ્ચે છૂટાછેડા થયા હતા. ત્યારબાદ શબાનાબેને આશરે સાત દિવસ પહેલાં આમીન જુસબભાઈ તાયાણી સાથે પોતાના રિતરિવાજ મુજબ નિકાહ કર્યા હતા, તા. ૧૨ ઓગસ્ટના રોજ વહેલી સવારે પોણા છ વાગ્યાના અરસામાં શબાનાબેન પોતાના ઘરે હાજર હતા ત્યારે ઘરની બહાર શેરીમાં માણસોના અવાજ સંભળાતા તેઓ બહાર જોવા માટે આવ્યા હતા.

તે સમયે તેમના પતિ આમીન રોડ પર પડેલા હતા અને મહમદ ઉર્ફે કારો ખીરા, હુશેન રહીમનુરમામદ ખીરા, રહે. રાજકોટ તથા અન્ય બે અજાણ્યા શખ્સો તેમને માર મારી રહ્યા હતા. મહમદ ઉર્ફે કારોના હાથમાં તલવાર હતી. જ્યારે હુશેનના હાથમાં પણ તલવાર હતી. તેમની સાથે આવેલા બે અજાણ્યા શખ્સોમાંથી એકના હાથમાં તલવાર અને બીજા શખ્સના હાથમાં લોખંડનો પાઈપ હતો. ચારેય શખ્સો આમીનને મારી નાખવાના ઈરાદે શરીરના અલગ-અલગ ભાગે આડેધડ માર માર્યો હતો.



પતિને બચાવવા માટે શબાનાબેન વચ્ચે પડતાં હુમલાખોરોએ ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન તેઓ સફેદ રંગની એક્સેસ સ્કૂટર અને સફેદ રંગની ફોરવ્હીલ કારમાં બેસીને નીકળવા લાગ્યા હતા. હુમલાખોરો જતા રહ્યા બાદ શબાનાબેન પોતાના ગંભીર રીતે ઘવાયેલા પતિ આમીન પાસે પહોંચ્યા હતા. આમીનના બંને હાથ અને બંને પગમાં તલવાર તથા લોખંડના પાઈપ વડે માર મારવામાં આવ્યો હોવાથી લોહી નીકળતું હતું અને તેઓ બેભાન અવસ્થામાં ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ગંભીર રીતે ઘવાયેલા આમીનને જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

જી.જી. હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તપાસ કરતાં આમીનના ડાબા હાથમાં, કાંડા પાસે ફ્રેક્ચર જેવી ઈજા, જમણા હાથની હથેળીમાં ફ્રેક્ચર તેમજ બંને પગમાં ઘૂંટણની નીચેના ભાગે ફ્રેક્ચર થયું હતું. ઉપરાંત બંને હાથ અને બંને પગમાં તલવારના ઘા વાગ્યા હોવાથી ટાંકા લેવા પડ્યા હતા અને શરીરના અન્ય ભાગોમાં પણ મૂંઢ ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું હતું.

ફરિયાદમાં હુમલા પાછળનું કારણ એવું જણાવ્યું છે કે, આશરે પાંચ મહિના અગાઉ મહમદ ઉર્ફે કારો બોદુભાઈ ખીરા સાથે છૂટાછેડા લીધા બાદ માત્ર સાત દિવસ પહેલાં આમીન સાથે નિકાહ કર્યા હોવાથી આ બાબતનો ખાર રાખી હુમલો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ બનાવ અંગે શબાનાબેન તાયાણીની ફરિયાદના આધારે સીટી-એ ડિવિઝન પોલીસ મથકમાં મહમદ ઉર્ફે કારો બોદુભાઈ ખીરા, હુશેન રહીમનુરમામદ ખીરા તથા અન્ય બે અજાણ્યા શખ્સો સામે જીવલેણ હુમલો, જાનથી મારી નાખવાની ધમકી સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com